# ગુજરાતમાં ૩૩ વર્ષ બાદ ત્રિ-પાંખિયો જંગ

## ૨૦૨૨ની ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ સાથે હવે ત્રીજા પક્ષ તરીકે આમ આદમી પાર્ટીએ ઉમેદવારી નોંધાવતા ચૂંટણીજંગ જામ્યો

ગાંધીનગર, તા. ૫

પંદરમી વિધાનસભાની ચૂંટણી રસપ્રદ થઈ રહી છે. ચૂંટણી જાહેર થતાં જ અનેક પ્રકારની ચર્ચાઓ અને વિશ્લેષણો થઈ રહ્યા છે. ત્રણ દાયકાઓની ચૂંટણીઓમાં ભાજપ અને કોંગ્રેસનો સીધો જંગ ખેલાયો હતો પરંતુ આ વખતે આમ આદમી પાર્ટીનું પરિબળ ઉમેરાતા ત્રિ-પાંખિયો જંગ ખેલાઈ રહ્યો છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી પર નજર નાંખીએ તો જાણવા મળશે કે લગભગ ૩૩ વર્ષ બાદ ગુજરાતમાં ત્રિ-પાંખિયો જંગ ખેલાઈ રહ્યો છે.

છેલ્લી કેટલીક ચૂંટણીઓમાં અનેક ચઢાવ-ઉતાર બાદ પણ ભારતીય જનતા પાર્ટીનો દબદબો યથાવત રહ્યો છે. કોંગ્રેસે સીધી ટક્કર આપી હતી પણ આ વખતે સીનારીયો આમ આદમી પાર્ટીના કારણે બદલાયો છે. આ વખતે ૩૩ વર્ષ બાદ ત્રિ-પાંખિયો જંગ ખેલાઈ રહ્યો છે. છેલ્લે ફેબ્રુઆરી, ૧૯૯૦માં ત્રિ-પાંખિયો જંગ ખેલાયો હતો. ૧૯૯૦ની ચૂંટણી પ્રથમવાર ત્રિ-પાંખિયો જંગ લઈને આવી હતી જે જબરજસ્ત રાજકીય પરિવર્તનનું કારણ બની રહી હતી. કારણ કે આ ચૂંટણીથી જ ભાજપનો ઉદય થયો હતો.

૧૯૯૦ના અરસાની વાત કરીએ તો રાષ્ટ્રીય રાજકારણની અસર હેઠળ ગુજરાતમાં પણ વિવિધ મોરચા ઉભા થયા હતા. કોંગ્રેસમાં ફરી ભંગાણ થયુ હતુ. ડામાડોળ કેન્દ્રિય રાજકારણની અસર ગુજરાત પર થઈ હતી. વી.પી. સિંહે અલગ ચોકો માંડ્યો હતો. ઓક્ટોબર, ૧૯૮૮માં વી.પી. સિંહે અલગ ચોકો માંડ્યો હતો. તેમણે જન મોરચા સાથે જનતા પક્ષ, લોકદળ વગેરેને જોડીને જનતાદળની રચના કરી હતી. વિવિધ રાજ્યોમાં પણ તેમના પક્ષ સાથે મોટા નેતાઓ જોડાઈ રહ્યા હતા. ચીમનભાઈ પટેલ કિમલોપના નિષ્ફળ પ્રયોગ બાદ પોતાની બેઠક હારતા નિષ્ક્રિય જણાતા હતા. તેમના સહિત સંસ્થા કોંગ્રેસના ઘણા નેતાઓ વી.પી.સિંહ સાથે જનતાદળમાં જોડાયા હતા. આ ફેરફારો સાથે જ ગુજરાતમાં ૧૯૯૦ની ચૂંટણી પૂર્વે જ ત્રિ-પાંખિયો જંગ મંડાઈ ચૂક્યો હતો. ગુજરાત કોંગ્રેસ તેના સૌથી તળિયાના દેખાવે પહોંચી હતી. કોંગ્રેસ માટે ૧૪૯નો રેકોર્ડ કરનારા માધવસિંહ આ વખતે ચમત્કાર કરી શકે તેમ નહોતા. તેમની બેઠકો ૩૩ સુધી સમેટાઈ હતી. આ ચૂંટણીમાં સૌથી વધુ ફાયદો જનતા દળને થયો હતો. ૭૦ બેઠકો સાથે તે સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો હતો. ૨૭ ટકા જેટલા મતો સાથે ભારતીય જનતા પાર્ટીએ મોટી છલાંગ લગાવી ૬૭ બેઠકો કબ્જે કરી હતી. જ્યારે અપક્ષોને ફાળે ૧૧ બેઠકો ગઈ હતી. ૭૦ બેઠકો સાથે સૌથી મોટા પક્ષ તરીકે જનતાદળને સત્તા પ્રાપ્ત થઈ હતી. તે પછીની તમામ ચૂંટણીઓમાં ભાજપ અને કોંગ્રેસની સીધી લડાઈ થઈ હતી. હવે છેક ૨૦૨૨માં ત્રિ-પાંખિયો જંગના મંડાણ થયા છે. જો કે ત્રીજા પક્ષ તરીકે આમ આદમી પાર્ટી કેટલુ ઉકાળે છે તે જોવાનુ રહ્યું. પરંતુ આ પક્ષ મતોની ટકાવારીમાં જરૂર ફેરફાર કરાવશે તે નક્કી છે.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




તુ મોડો પડયો... બપોર થઇ ગઇ... મને પાર્ટી એ ટીકીટ આપી દીધી.. મે તો આજે વહેલી સવારે જ પાર્ટી જોઇન કરી દીધી હતી...!!!

## જાગૃત વસાહત ફોરમ સેક્ટર ૧૪ અને વોર્ડ નંબર ૬ ભાજપ મહાનગરના ઉપક્રમે શોક સભા યોજાઇ



ગાંધીનગર, તા.૫

જાગૃત વસાહત ફોરમ સેક્ટર ૧૪ અને વોર્ડ નંબર ૬ બીજેપી મહાનગર ના ઉપક્રમે મોરબી શહેર માં ઝૂલતો પુલ તૂટી પડતાં મોટી સંખ્યામાં મારી ગયેલા નાગરિકો માટે એક શોક સભા સેક્ટર ૧૪ ખાતે પ્રમુખ શ્રી ડૉ ગુલાબ ચંદ પટેલ દ્વારા ડૉ બાબા સાહેબ આંબેડકર ગાર્ડન ખાતે સવારે ૧૦ વાગ્યે યોજાઈ હતી. આ કાર્યક્રમમાં મહાનગર વોર્ડ નંબર ૬ બીજેપી ના કાઉન્સિલર શ્રી ગૌરાંગ વ્યાસ અને શ્રીમતી પ્રેમ લતા નિલેશ ભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા સામાજિક કાર્યકર શ્રી વિનોદભાઈ ઉદેચા દ્વારા શાંતિ માટે પ્રાર્થના પ્રસ્તુત કરવામાં હતી. સચિવ શ્રી મહેંદ્રભાઈ ચૌહાણ અને શ્રીમતી ઉષા બેન ચૌહાણ માતૃ વંદના પ્રમુખ દ્વારા શ્રદ્ધાંજલિ આપવા માં આવી આ કાર્યક્રમમાં બે મિનિટનું મૌન ધારણ કરીને વસાહત ના તમામ ભાઈ બહેનો એ શ્રદ્ધાંજલિ આપી હતી.

### માત્ર ૨૪ કલાકમાં

## અવસર ઈ-પ્લેડ્જ કેમ્પેઈન' લોન્ચિંગના દોઢ લાખથી વધુની મતદાન માટે પ્રતિબદ્ધતા

ગાંધીનગર,તા.૦૫

મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા સંકલ્પબદ્ધ બને એ હેતુથી ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી દ્વારા 'અવસર ઈ-પ્લેડ્જ કેમ્પેઈન' શરૂ કરવામાં આવ્યું છે. મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી.ભારતીએ ગઈકાલે, શુક્રવારે ઈ-પ્લેડ્જ લીંક લોન્ચ કરી હતી. આ લોન્ચિંગના માત્ર ૨૪ કલાકમાં ૧,૫૦,૦૦૦થી વધુ જાગૃત મતદારોએ ઈ-પ્લેડ્જ દ્વારા મતદાન માટેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આગામી ચૂંટણીમાં મહત્તમ મતદારો મતદાન કરે તે માટે એક પહેલના ભાગરૂપે ચુનાવ સેતુ પોર્ટલ પર ઉપલબ્ધ કરાવવામાં આવેલી મતદાર પ્રતિજ્ઞાને બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. મતદારોએ **https://chunavs^au.gujarat.gov.in/docs/epledge/epledge.aspx** લીંકનો ઉપયોગ કરી મતદાન માટે પ્રતિજ્ઞા લઈને પોતાનું પ્રતિજ્ઞા પત્ર ડાઉનલોડ કર્યું છે.

ઈ-પ્લેડ્જના લોન્ચિંગ સમયે મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીએ અપીલ કરતાં જણાવ્યું હતું કે, મહત્તમ મતદારો આ મતદાન પ્રતિજ્ઞા કેમ્પેઈનમાં જોડાઈ લોકશાહીના આ પર્વમાં સહભાગી બને. સાથે જ આ ઈ-પ્લેડ્જની કૉપી પોતાના સોશિયલ મીડિયાના માધ્યમોમાં શૅર કરે, જેથી અન્ય લોકો પણ મતદાન માટે સંકલ્પ લેવા પ્રેરાય. મહત્તમ મતદારોની ચૂંટણી પ્રક્રિયામાં સહભાગીતા સુનિશ્ચિત કરવા અને વધુમાં વધુ મતદાન થાય તે માટે મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી દ્વારા આ ઑનલાઈન કેમ્પેઈન લૉન્ચ કરવામાં આવ્યું છે.

## સે.૨૪/૧૫ના વિસ્તારમાં ડર ફેલાવનારો વાનર પાંજરે પુરાયો

ગાંધીનગર, તા. ૦૫

છેલ્લાં કેટલાંક સમયથી સેક્ટર-૨૪ ઈન્દિરાનગરથી સેક્ટર ૧૫ આઈટીઆઈ વિસ્તારમાં એક વાનરે આશરે ૧૦થી વધુ વ્યક્તિઓ પર હુમલો કરી ઈજાગ્રસ્ત કરીને ભયનું વાતાવરણ ફેલાવ્યું હતું. આ વિસ્તારના નાગરિકોની ફરિયાદોને આધારે કેટલાંક દિવસથી આ વાનરને ઝબ્બે કરવા વન વિભાગ પ્રયત્નશીલ હતું પરંતુ તેમાં સફળતા મળી નહોતી અને દિવાળીના સમયગાળા દરમ્યાન આ વાનર ગાયબ થઈ જવા પામ્યો હતો. જોકે તાજેતરમાં ફરી એકવાર આ વાનરે દેખાં દેતાં અને નાગરિકોમાં ફરી ડરનું વાતાવરણ સર્જાય તેવું વર્તન કરતાં સ્થાનિક વન તંત્રએ તેને પાંજરે પુરવા કવાયત હાથ ધરી હતી જેના પરિપાકરૂપે સેક્ટર-૧૫ ખેતીવાડી વિભાગની કચેરીના કમ્પાઉન્ડમાંથી તા. ૪થી નવેમ્બરના રોજ સાંજે આ વાનર પકડાઈ જવા પામ્યો હતો. સમગ્ર અભિયાન



ગાંધીનગરના નાયબ વનસરંક્ષકના માર્ગદર્શન હેઠળ અભિયાન સ્થાનિક ફોરેસ્ટર અવનિશ પ્રજાપતિ અને એક તેમના ચોકીદાર મહેન્દ્રસિંહ પરમાર દ્વારા પાર પાડવામાં આવ્યું હતું અને વાનરને વનચેતના કેન્દ્ર ખાતે ખસેડ્યો હતો. આ વાનર પાંજરે પુરાતાં બંને સેક્ટરના નાગરિકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં હીટવેવ યથાવત્ રહેતાં લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.
- વિધાનસભાની સામાન્ય ચૂંટણીની આચાર સંહિતાનો અમલ શરૂ થઈ જતા ગાંધીનગરની વિવિધ સરકારી કચેરીઓના મુલાકાતીઓ ઘટી ગયા છે.
- ગાંધીનગર જિલ્લામાં સામાન્ય ચૂંટણીઓ જાહેર થતાં જ ગ્રામ્ય વિસ્તારોમાં બેઠકોનો સિલસિલો શરૂ થઈ ગયો છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર શહેરમાં ટ્રાફિકનું ભારણ પણ ઘટવા પામ્યુ છે.
- શાકભાજીના ભાવોમાં ઘટાડો થતાં સે. ૨૧ અને ૭ના શાકમાર્કેટમાં ભીડ જામવા લાગી છે.
- આલમપુર ગ્રામ પંચાયતમાં કાનૂની સેવા સત્તામંડળ દ્વારા કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાંઆવ્યુંહતું.
- કોંગ્રેસની સત્તા પરિવર્તન સંકલ્પ યાત્રા ૭મીએ ગાંધીનગરમાં પ્રવેશી રહી હોવાથી જિલ્લા સંગઠન દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.
- ગાંધીનગર શહેરના કેટલાક વિસ્તારોમાં પેયજળનો પુરવઠો પુરા ફોર્સથી નહિ મળતો હોવાની ફરિયાદો ઉઠી છે.
- ગાંધીનગર શહેરમાં ડેન્ગ્યુના કેસો ૫૫૦નો આંક પાર કરી જતાં તંત્રની ચિંતા વધી છે.
- ગાંધીનગર (૬) અને દહેગામ બેઠકના વર્તમાન ધારાસભ્યોની ટિકિટ કપાઈ રહ્યાની વાતોએ જિલ્લામાં રાજકીય ઉત્તેજનાઓ જગાવી.

## રાયસણ કોમ્યુનિટી હોલ ખાતે સીઆરપીએફ-ગ્રામજન વચ્ચે સામાન્ય મુદ્દે બોલાચાલી

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના રાયસણ ગામે ગતમોડી રાત્રે સામાન્ય બાબતે માથાકુટ થઈ હતી. બોલાચાલીની જાણ થતા તાત્કાલીક ઈન્ફોસીટી પોલીસે બે પીસીઆર વાન મોકલી આપી હતી. ગામના નાગરીક અને સીઆરપીએફના જવાન વચ્ચે નાનકડી વાતે ચકમક થઈ હતી. જો કે ગામના આગેવાનો અને પોલીસ સહિતના વ્યકિતઓએ મામલો થાળે પાડી દીધો હતો. પરંતુ રાયસણ કોમ્પ્યુનીટી હોલ થી સીઆરપીએફની કંપનીને માણસા ખાતે ખસેડી દીધી હતી. બનાવની જાણ ઉચ્ચકક્ષાએ ઉચ્ચ અધિકારીઓ સુધી પહોંચી હતી.

મળતી વિગત મુજબ વિધાનસભાની ચુંટણીને પગલે સીઆરપીએફ કંપનીને રાયસણ ખાતે કોમ્યુનિટી હોલ ખાતે ઉતારો આપવામાં આવ્યો હતો. જયાં રાત્રીના સમયે સીઆરપીએફના જવાન અને ગામના વ્યકિતને સામાન્ય બોલાચાલી થતા ગ્રામજનો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. જેથી સામે પણ સીઆરપીએફની આખી બટાલીયન ઉભી થઈ ગઈ હતી. જેની જાણ પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓને થતા પોલીસ સ્ટાફના જવાનો દોડતા થઈ ગયા હતા. રાત્રીના સમયે ગ્રામજનો એકઠા થઈ વિરોધ પ્રદર્શિત કરતા સીઆરપીએફ કંપનીને તાત્કાલીક અસર થી હટાવી દેવામાં આવી હતી. વિધાનસભા ચુંટણીને પગલે નગરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાય તે માટે સીઆરપીએફ કંપની આવી પહોંચતા રાયસણ ગામે કોમ્યુનિટી હોલ ખાતે ઉતારો આપવામાં આવ્યો હતો. ત્યારે ગતરોજ રાત્રીના સમયે સીઆરપીએફના જવાન અને ગ્રામજન સાથે નજીવી મુદ્દે બોલાચાલી થઈ હતી. બનાવની જાણ થતા ગ્રામજનો મોટીસંખ્યામાં કોમ્યુનીટી હોલ ખાતે દોડી આવી આવ્યા હતા. અને કોમ્પ્યુનિટી હોલનો ઘેરાવ કર્યો હતો. બંને પક્ષ સામસામે આવી જતા એક સમયે હોબાળો વધુ ફેલાયો હતો. જેથી રાયસણ ખાતે તાત્કાલીક પોલીસ કાફલો મોટીસંખ્યામાં ખડકી દેવાયો હતો.ગાંધીનગરના આગેવાનો, જવાનો, ગામના નાગરીકોએ વચ્ચે પડી મામલો થાળે પાડ્યો હતો. જયારે સીઆરપીએફની ટુકડી ને માણસા ખાતે મોકલી આપી હતી.

## સરિતા ઉદ્યાન પાસે રીક્ષા-કાર વચ્ચે અકસ્માત બેને ઈજા

ગાંધીનગર, તા.૫

શહેરના સર્કિટ હાઉસ થી ચ-૦ સર્કલ તરફ જતા માર્ગ પર સરિતા ઉદ્યાન કટ પાસે રીક્ષા અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં રીક્ષામાં સવાર બે વ્યકિતને ઈજા પહોંચી હતી. જયારે બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ બોરીજ ખાંટવાસ ખાતે રહેતા માલાજી ગોપાલજી ખાંટ માતા-પિતા સાથે રહે છે અને છુટક મજુરી કામ કરે છે. ગત તા.૩ ના રોજ કૌંટુબીક મરણ પ્રસંગે જવાનું હોવાથી કૌંટુબના સભ્યો માલાજીના પિતાની રીક્ષા જી.જે.૧૮.બી.યુ.-૪૪૧૦ લઈને શાહપુર ગામે જઈ રહ્યા હતા. તે સમયે રીક્ષા પિતરાઈ ભાઈ પ્રકાશભાઈ વાઘાજી ખાંટ ચલાવી રહ્યા હતા. સરિતા ઉદ્યાન નજીક આવતા બિરસા મુંડા ભવન તરફના માર્ગ તરફથી હ્યુન્ડાઈ આઈ-૧૦ કાર નં. જી.જે.૦૧.એચ.એકસ.-૧૦૪૨ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે કાર હંકારી રીક્ષાના આગળના ભાગે જમણી બાજુએ ટક્કર મારતા રીક્ષા માર્ગ પર પટકાઈ હતી. આ બનાવમાં ફરીયાદ તેમજ તેના કાકીને શરીરે ઈજા પહોંચી હતી. ઓફિસ ટાઈમમાં અકસ્માત થતા મોટીસંખ્યામાં નાગરીકો એકઠા થઈ ગયા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલ લઈ જવાયા હતા. જયાં ફરીયાદીને ડાબા પગે તેમજ તેમના કાકી દિવાબેનને ડાબા ખભે ફ્રેકચર થયુ છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સેક્ટર- ૧ ગાયત્રી મંદિરમાં પ્રજ્ઞાપુરાણ કથા યોજાઈ





ગાંધીનગર, તા. ૫

સેક્ટર-૧ ગાયત્રી મંદિરમાં પ્રજ્ઞાપુરાણ કથામૃતમાં પ.પૂ. નિમિષાબેને કથાનુ રસપાન કરાવ્યું હતું. મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. ગાયત્રી પરિવારના સહયોગથી આ કથાનુ આયોજન કરવામાં આવ્યું હતું.

## શહેરમાં દારૂ પીને લવરી કરતા ભાઈને બહેન પોલીસ મથકે લઈ ગઈ

ગાંધીનગર, તા.૫

ગાંધી ના ગુજરાતમાં દારૂબંધી છે. પરંતુ આ દારૂબંધી માત્ર કાગળ પર હોય તેમ લાગી રહ્યું છે.

શહેરમાં સરળતાથી મળી રહેતા દારુને પગલે દારૂડીયાઓ પણ છાકટા બને છે. છાકટા બનતા નશાખોરને પગલે સ્થાનિક નાગરીકોને પણ હેરાન થવાનો વારો આવે છે. ત્યારે દારૂના નશામાં આજનું યુવાધન બરબાદ થઈ રહ્યું છે. દારૂ પીવાથી શરીરમાં વિવિધ રોગ પણ ઘર કરી જાય છે.

ત્યારે આ પરિસ્થિતિ વચ્ચે પણ દારૂ પીને અડધી રાતે ઘરે જઈ લવરી બકવાટ કરી પરિવારની ઉંઘ હરામ કરતા યુવકને પરિવારના સભ્યોએ સમજાવ્યો હતો.

તેમ છતા યુવક ન સમજતા તેની બહેન દારૂના નશામાં ચકચુર ભાઈને પોલીસ મથકે લઈ ગઈ હતી અને તેની સામે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

## શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અબજીબાપાશ્રી ૧૭૮મી પ્રાગટ્ય જયંતીની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૫

શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગર ખાતે પ્રબોધિની એકાદશી જીવનપ્રાણ અબજીબાપાની ૧૭૮ મી પ્રાગટ્ય જયંતી ઉલ્લાસભેર ઉજવાઈ. આ સાથે જીવનપ્રાણ મુક્તજીવન સ્વામીબાપાની ૯૩ મી દીક્ષા જયંતી, શ્રી સ્વામિનારાયણ ભગવાનની ૨૨૨ મી ભાગવતી મહાદિક્ષા જયંતી, ૨૨૧ મો પટ્ટાભિષેક દિન, ધર્મદેવની ૨૮૩ મી પ્રાગટ્ય જયંતી પણ ઉજવાઈ હતી. આ મંગળકારી અવસર



ઉપર ચોવીસ કલાકની અખંડ ધૂનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. દેશ પરદેશના હરિભક્તોએ આ દિવ્ય અણમોલ અવસરનો લ્હાવો લીધો હતો.

**રક્તદાન મહાદાન**

## ચિલોડા સરખેજ માર્ગના પ્રોજેકટને અનુલક્ષી ચ-૦ પાસે સિકસલેનનુ બાકી કામ હવે પુર્ણ કરાશે

### વૈષ્ણોદેવી પાસે અન્ડર પાસ પણ ટુંકમાં તૈયાર થઇ જશે : પ્રોજેકટનુ ૮૫ ટકા કામ પુર્ણ બે થી ત્રણ મહીનામાં કામ પુર્ણ થઇ જશે

ગાંધીનગર તા ૫

ચિલોડા સરખેજ હાઈવે માર્ગના ૪૪ કી મી રૂટને સિકસલેન બનાવાની કામગીરી ટુંકમાં પુર્ણ કરી દેવાશે. આ પ્રોજેકટને અનુલક્ષીને ચ-૦ પાસેના વિસ્તારમાં સિકસલેન બનાવાની કામગીરી પણ હવે પુર્ણ કરી દેવાશે. જયારે હાલ વૈષ્ણોદેવી પાસે પણ અન્ડર પાસ બનાવાની કામગીરી પુર્ણતાના આરે છે. આ ઉપરાંત ખોડિયાર જંકશન પર રેલવે ઓવર બ્રિજનુ કામ પણ ટુંકમાં પુર્ણ થઈ જશે જયારે આગામી બે ત્રણ મહીનામાં આ પ્રોજેકટનુ કામ પુર્ણ થઈ જશે .

ચિલોડા સરખેજ માર્ગને સિકસલેન કરવા સહીત રૂટમાં ઓવરબ્રિજ તૈયાર કરવાની આ યોજના અન્વયે અત્યાર સુધીમાં ૮૫ ટકા જેટલુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે આગામી બે થી ત્રણ મહીનામાં સમગ્ર પ્રોજેકટ પુર્ણ થઈ જશે હાલ આ યોજનાને અનુલક્ષી વૈષ્ણોદેવી પાસે અન્ડર પાસ તૈયાર કરવાની કામગીરી પણ આખરી તબક્કામાં છે. જયારે ખોડિયાર જંકશન પાસે રેલવે ઓવર બ્રિજ પણ બાંધવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત ઉજાલા ચોકડી પાસે પણ બ્રિજનુ કામ ચાલી રહ્યુ છે. ચિલોડા સરખેજ માર્ગના પ્રોજેકટનો અનુલક્ષીને છેલ્લા ઘણાં સમયથી કામગીરી ચાલી રહી છે. જયારે કોરોના કાળ દરમિયાન પણ આ પ્રોજેકટની કામગીરી પ્રભાવિત થઈ હતી જેના લીધે કામ પુર્ણ થવામાં થોડો વિલંબ થયો છે. જો કે હાલ આ કામ પ્રગતિ હેઠળ છે ચિલોડા સરખેજ રૂટને અનુલક્ષી ૪૪ કી મીના આ રૂટનો સિકસલેન બનાવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી જયારે ચિલોડા સરખેજ રૂટમાં અલબત્ત એસ જી હાઈવે તરીકે ઓળખાતા આ માર્ગ પર રોજબરોજ ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળતા હતા જો કે આ યોજનાની મોટાભાગની કામગીરી પુર્ણ થતા હવે ટ્રાફિકની અવરજવર પણ સરળ અને ઝડપી બનતી જાય છે. આ પ્રોજેકટ પાછળ કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. જે અન્વયે અત્યાર સુધી ઈન્ફોસીટી, સરગાસણ , ઉવારસદ , તારાપુર, વૈષ્ણોદેવી, પાસે બ્રિજ તૈયાર કરી દેવાયા બાદ આગળ એલિવેટેડ કોરિડોર પણ બનાવાયો છે. જયારે પકવાન ચાર રસ્તા પાસે પણ બ્રિજ પર ટ્રાફિક ધમધમતો થઈ જતા આ રૂટમાં ટ્રાફિક જામ થાય તેવા તમામ ક્રોસ જંકશન પર ઓવરબ્રિજ તૈયાર થઈ જતા હવે વાહનચાલકોને રાહત થઈ ગઈ છે. આ ઉપરાંત આ પ્રાજેકટ અન્વયે બાકી કામ પુરુ કરવા માટે પણ ઝડપથી આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં હાલ વૈષ્ણોદેવી પાસે અન્ડર પાસની કામગીરી ચાલી રહી છે. જે પણ ઝડપથી પુર્ણ કરી દેવાશે અલબત્ત આ કામ પુર્ણતાના આરે છે. જયારે ખોડિયાર જંકશન પાસે પણ રેલવે ઓવરબ્રિજ તૈયાર કરવા માટે કામગીરી ચાલી રહી છે. જયારે ઉજાલા ક્રોસ જંકશન પાસે પણ ઓવરબ્રિજ બાંધવાનુ કામ ચાલી રહ્યુ છે. અત્યાર સુધી આ પ્રોજેકટને અનુલક્ષી ૮૫ ટકા જેટલી કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે આગામી બે ત્રણ મહીનામાં આ પ્રોજેકટનુ સંપુર્ણ કામ પુર્ણ કરી દેવાશે. આ ઉપરાંત ચ -૦ પાસે અત્યાર સુધી ૩૦૦ મીટરના વિસ્તારમાં સિકસલેન બનાવાની કામગીરી બાકી રહી ગઈ હતી જયારે ટુંકમાં આ કામ પણ પુર્ણ કરાશે. ચિલોડા સરખેજ માર્ગ પર પ્રોજેકટનુ કામ હાથ ધરાયા પુર્વે ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળતા હતા. જયારે હવે આ પ્રોજેકટનુ મોટાભાગનુ કામ પુર્ણ થતા વાહનચાલકોએ પણ હાંશકારો અનુભવ્યો છે.